



જગત જનની મા અંબાના દરબારમાં હજારો ભક્તો વરસાદ, તડકો કે ઠંડીની પણ પરવા કર્યા વગર જય અંબેના ઘોષ સાથે અંબાજી દૂર છે પણ જાના જરૂર હે. રાત-દિવસ ચાલીને કે સાયકલ ઉપર પ્રવાસ કરી ભક્તો પોતાની આકરી બાધાઓ પૂર્ણ કરવા કે મા અંબાના દરબારમાં શીશ નમાવી ધન્યતા અનુભવે છે. તો ક્યારેક માનો રથ લઈને જતાં જોવા મળે છે. તો ક્યારેક નાના બાળકોને પણ બેબી ગાડીમાં લઈ જતાં માઈ ભક્તો જોવા મળે છે. ત્યારે હાલ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ પાસેથી પસાર થતાં માઈ ભક્તો કિડીયારાની જેમ ઉભરાતા નજરે પડે છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ગાંધી ચેતનાયાત્રા દ્વારા ગાંધી વિચારોનું સિંચન

## શુક્રવાર ૨ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરથી શરૂ થશે અને શનિવાર ૩૦ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ રાજઘાટ પર આ યાત્રા સમાપ્ત થશે

અમદાવાદ, તા. ૨૩

પૂજ્ય મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં તેમની સ્વાતંત્ર્ય ચળવળ પુરી કરી ઈ.સ. ૧૯૧૫માં ભારત આવ્યા. ૨૦૧૫માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના ભારત પરત આવ્યાના સો વર્ષ પૂરા થયા. આ સો વર્ષમાં તેઓ સમગ્ર વિશ્વની દરેક વ્યક્તિમાં એક ચેતના તરીકે વ્યાપી ગયા, તેથી ગાંધીજીની દૃષ્ટિ અને કેળવણીને સમજવાના હેતુથી ગાંધી ચેતનાયાત્રાનું આયોજન શ્રી કુલીન વોરા દ્વારા કરવામાં આવ્યું છે.

જીવનનો પ્રથમ તબક્કો છે બાળપણ, આ ગાંધી ચેતનાયાત્રા ભારતભરનાં દરેક રાજ્યોની શાળાઓની મુલાકાત લેશે, અને બાળકોને ગાંધીકથાનું વાર્તાપત્રક ભેટ આપશે, જેનું નામ છે 'નાના ગાંધી-મોટા ગાંધી'. ગાંધી ચેતનાયાત્રા શુક્રવાર ૨ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરથી શરૂ થશે અને શનિવાર ૩૦ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ રાજઘાટ પર સમાપ્ત થશે. ૧૨૧ દિવસની ગાંધી ચેતનાયાત્રા આપણને આપણી અંદર રહેલા કોઈ નવા મુકામે ચોક્કસપણે લઈ જશે તેમ ગાંધી ચેતનાયાત્રાના આયોજક શ્રી કુલીન વોરાએ જણાવ્યું હતું. ગાંધી ચેતનાયાત્રાનો મુખ્ય હેતુ ભારતભરનાં દરેક રાજ્યોની શાળાઓનાં વિદ્યાર્થીઓમાં ગાંધી વિચારધારાના સંસ્કારોનું સિંચન કરવાનો છે.

ગાંધી ચેતનાયાત્રા માર્ગમાં આવતાં તમામ ગાંધી સંસ્થાઓની પણ મુલાકાત એમના પ્રત્યે આદર વ્યક્ત કરવા લેશે અને ગાંધી ચેતનાયાત્રાના ધ્યેયના ઉપલક્ષ્યમાં તેમનો પણ સહકાર પ્રાપ્ત કરશે. ગાંધી ચેતનાયાત્રાની ગાડીમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીનાં ફોટાઓનું પ્રદર્શન તથા ગાંધીજીના પુસ્તકોનું વેચાણ પણ થશે.





## રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી -

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી ગણેશોત્સવના પવિત્ર પર્વે ગઈ કાલે રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીએ વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીની પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીએ રાજભવન પરિવારના બાળકો દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રસપૂર્વક નિહાળ્યો હતો. રાજભવન વસાહત યુવક મંડળ તથા અન્ય હોદ્દેદારોએ રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓ તથા તેમના પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો. (તસવીર : દિપક જાની)

## આજે ગુજરાત યુનિવર્સિટીની મહત્વપૂર્ણ સિન્ડીકેટ બેઠક

અમદાવાદ, તા.૨૩

ગુજરાત યુનિવર્સિટીમાં ફાઈનાન્સ કમિટીની બેઠક બાદ હવે આવતીકાલે એકેડમિક કાઉન્સિલ (એસી) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (ઈસી)ની બેઠક મળી રહી છે. જેમાં ફાઈન્સીયલ કમિટીની બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયોને અંતિમ મંજુરી આપવામાં આવશે. આ ઉપરાંત બેઠકમાં કેટલાક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવશે.

# પ્રાંતિજમાં બે જુદી જુદી ઘટનામાં બે ના મોત

## બોરીયા સીતવાડામાં પગ લપસી જતાં આધેડનું મોત અને કરોલમાં વિજ કરંટ લાગતાં યુવતીનું મોત

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કરોલ તથા બોરીયા સીતવાડામાં અલગ-અલગ બનાવમાં એક યુવતી અને એક આધેડનું મોત નિપજ્યું હતું. જેમાં પ્રાંતિજ પોલીસે બન્ને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પ્રભાતસિંહ ઉદેસિંહ રાઠોડ ઉં.વ. ૭૦ કે જેઓને વહેલી સવારે કુદરતી હાજતે જવા નિકળ્યા હતા. જ્યાં તેમનો પગ લપસી જતાં બાજુમાં આવેલ ખાંડામાં પડી જતાં ખાડામાં ભરેલ પાણી પી જતાં તેમનું મરણ થયું હતું.જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કાળુસિંહ પ્રભાતસિંહ રાઠોડ દ્વારા રહે. બોરીયા દ્વારા પોલીસને જાણ કરતાં પોલીસે મૃતકને પી.એમ. માટે મોકલી આગળની તપાસ હાથ ધરી હતી.

જયારે બીજા બનાવમાં પ્રાંતિજના કરોલ ગામે સોનલબેન વિ. મકવાણાને કરંટ લાગતા તેને અરૂણાબેન અશોજી મકવાણા બચાવવા જતાં તેમને પણ વિજ કરંટ લાગતાં બન્નેને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન અરૂણાબેન અશોકજી મકવાણા ઉં.વ. ૨૨નું મોત થતાં સિવિલમાં હાજર તબીબી ડૉ. જે.કે. પ્રણામી દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કેમ છો અમદાવાદ : આસ્કમીબાઝાર તેના વિશિષ્ટ એનડીડી મોડેલ દ્વારા ઈ-કોમર્સ અને ગ્રાહકોના ઉમંગને પુનઃ વ્યાખ્યાયિત કરવા ધારે છે

ભારતનું ઝડપથી વિકસતું ઓનલાઈન બજારસ્થળ AskmeBazaar.com એ આજે અમદાવાદમાં તેનું પથપ્રદર્શક નેક્સ્ટ ડે ડીલિવરી (એનડીડી) મોડલ લોંચ કરવાની જાહેરાત કરી હતી. એનડીડી ઈ-કોમર્સ માટે નવો માપદંડ છે અને આસ્કમીબાઝારના માપદંડથી ગ્રાહક ખુશ છે, જે વર્તમાન અવ્યવસ્થાને તોડે છે અને આગામી દિવસે ઓછામાં ઓછી કિંમતે ફ્રીમાં ઉત્પાદનોની ડિલિવરી કરવાની ખાતરી આપે છે. ભારતમાં આ પ્રકારનું પ્રથમ મોડલ હાયપર લોકલ, ઓ૨૦, શહેર આધારિત મોડલ છે, જે શહેરની અંદર સ્થાનિક ઈકોમર્સ ઈકોસિસ્ટમને સ્થાપિત કરે છે. એનડીડી સ્થાનિક વિક્રેતાઓને સ્થાનિક ગ્રાહકો સાથે જોડશે. તે અતિ ખર્ચ-અસરકારક છે, કારણ કે શહેરમાં સ્થાનિક હોલેસેલર્સ અને રિટેલર્સ પાસેથી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો ખરીદવામાં આવે છે. અને આગામી દિવસે (કોઈ પણ પ્રકારના શિપિંગ ચાર્જ વિના) તમારા ઘરે પહોંચાડવામાં આવે છે. લોંચ પ્રસંગે બોલતા નેક્સ્ટ ડે ડિલિવરી (એનડીડી)ના હેડ શ્રી મરિચિ માથુરે કહ્યું હતું કે, ભારત ઈ-કોમર્સ અને ડિજિટલ વપરાશમાં અભૂતપૂર્વ વૃદ્ધિ અનુભવી રહ્યો છે. જોકે ઓનલાઈન ગ્રાહોને શિપિંગ ચાર્જીસ તરીકે મોટી કિંમત ચુકવવી પડે છે. ઉદ્યોગને બદલવાની દિશામાં અમારું પ્રથમ કદમ ઉઠાવીએ છીએ.'

## એચસીજી કેન્સર સેન્ટરના હેડ એન્ડ નેક સર્જન્સ દ્વારા ઓરલ કેન્સરના દર્દીઓની અનોખી રિકન્સ્ટ્રકટિવ સર્જરીની પદ્ધતિ વિકસાવાઈ

રિકન્સ્ટ્રકશનને કેન્સરની શસ્ત્રક્રિયામાં મહત્વની બાબત ગણવામાં આવે છે. દુનિયામાં પ્રથમ વાર એચસીજી કેન્સર સેન્ટરના હેડ એન્ડ નેક સર્જન ડૉ. દુષ્યંત માંડલિક અને ડૉ. કૌસ્તુભ પટેલે જડબાની શસ્ત્રક્રિયામાં પડતાં ખાડાને ભરવામાં પોલિમિથાઈલ મેથાક્રિલેટ (polymethyl Methacrylate) આધારિત સિમેન્ટનો કોસ્મેટીક કરેક્શન માટે ઉપયોગ કરીને એક અનોખી સર્જરી કરીને આ ક્ષેત્રે હરણફાળ ભરી છે.

ભારતમાં મોઢાના કેન્સરના ૧૬ ટકાથી વધુ દર્દી ધરાવતા અમદાવાદને 'મોઢાના કેન્સરના પાટનગર' તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ બાબત ઘણી જ મહત્વની બની રહે છે. આ પ્રકારના કેન્સરમાં દર્દીને બચાવવાની બાબતને અગ્રતા આપવામાં આવે છે અને દર્દી તેના સામાજીક અને વ્યવસાયિક જીવનમાં આગળ વધી શકે તે માટે જીવનની ગુણવત્તા પણ એટલી જ મહત્વની બની રહે છે.

આ સિદ્ધિ અંગે વિગતો આપતાં, સર્જીકલ ઓન્કોલોજી વિભાગના ડિરેક્ટર શ્રી કૌસ્તુભ પટેલ જણાવે છે કે 'એચસીજી કેન્સર સેન્ટરે મોંઢાના કેન્સરને કારણે ઉપરના જડબામાં તથા ડોનર સાઈટ (one of the temporal region)માં થતી ખામી અને કુરૂપતા નિવારવા માટે દુનિયામાં પ્રથમ વાર એક અનોખી ટેકનોલોજી વિકસાવી છે. આ ટેકનોલોજી સંપૂર્ણપણે ભારતીય અને અને તેનાં કોસ્મેટીક પરિણામો એટલાં સારાં છે કે ઈન્ટરનેશનલ જર્નલ "Journal of Reconstructive Microsurgery' (pubmed indexed) દ્વારા આસંશોધનને ઓરિજનલ આર્ટીકલ તરીકે ઓગષ્ટ ૨૦૧૫ના અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે.


ડૉ. દુષ્યંતે વધુમાં જણાવ્યું છે કે 'ઉપરના જડબામાંથી કેન્સર નાબૂદ કરવાને કારણે નાકના છિદ્ર અને મોંના છિદ્ર વચ્ચે કનેકશન (Fistula) ઉભુ થાય છે. અને તેના કારણે અવાજનું ગુંગણાપણુ પેદા થાય છે અને તેના કારણે જમતી વખતે મોઢામાં મુકેલો ખોરાક નાક વાટે બહાર નીકળે છે. આવા કિસ્સામાં મસ્તકના ટેમ્પોરલ હિસ્સામાં મોટી જગ્યા પડે છે. તેના કારણે જડબાના બંને હિસ્સાઓ વચ્ચે એક અસમતુલા ઉભી થાય છે, જે લોકો સ્વિકારી શકે નહી તેવી કુરૂપતા તરફ દોરી જાય છે. આ કુરૂપતા નિવારવા માટે ઘણી પ્રોડક્ટસ અજમાવાઈ છે પણ સંતોષકારક પરિણામો મળ્યા નથી.

## સલાલના જૈન મંદિરમાં ચોરી

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે રાત્રીના સમયે જૈન આદિનાથ દિગમ્બર જૈન મંદિરમાં પ્રવેશ કરી વીસ હજારની ચોરી કરી કોઈ અજાણ્યા ઈસમો પલાયન થતાં પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ સલાલ ગામે આવેલ જૈન મંદિરમાં ૨૨મીના સવારના ૬.૩૦ પહેલા કોઈ પણ સમયે જૈન આદિનાથ દિગમ્બર મંદિરના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર બીન અધિકૃત રીતે પ્રવેશ કરી ભંડારામાંથી તથા દાન પેટીમાંથી અંદાજીત વીસ હજાર રૂપિયાની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી પલાયન થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મહેલકુમાર વસંતલાલ શાહ દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## વાસણામાં બે મોઢા અને બે જીભ વાળી પાડી જન્મી

ખેડબ્રહ્મા તાલુકાના વાસણા ગામના પ્રજાપતિ ઈશ્વરભાઈ માધાભાઈની પાંચ વર્ષની ભેંસે પ્રથમ વેતરમાં જ બે મોઢા અને બે જીભવાળી પાડીને જન્મ આપ્યો હતો. આ પાડીને માથુ એક જ છે પણ મોઢુ અને જીભ બે છે. અને જીવીત છે. આ બે મોઢા અને જીભવાળી પાડીને જોવા ગામના લોકો ઉમટી પડ્યા હતા. **(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

## ફટાફટ ન્યુઝ

- ૬૦ વર્ષ બાદ આયરલેન્ડ પહોંચનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન
- અમેરિકાને અરૂણાચલમાં સર્ચ ઓપરેશનની બહાલી
- દાઉદ સહિતના ત્રાસવાદીઓની યાદી ભારત અમેરિકાને સોંપાશે
- હવે પાકિસ્તાનને ખુલ્લું પાડવા ભારત આક્રમક
- બિહાર : અડવાણી, જોશી સ્ટાર પ્રચારકોની યાદીમાં
- બિહારમાં લાલુના બન્ને પુત્રો ચુંટણીમાં ઉતરશે
- સંઘ ભાજપના સુપ્રીમ કોર્ટ સમાન છે : નિતિશ
- હવે અટવાયેલા ૯ પ્રોજેક્ટનો સજીવન કરવાના પ્રયાસ શરૂ
- મનમોહનસિંહની પુત્રી એસપીજીનું છત્ર નહીં લે
- કાયમી સભ્ય માટે ભારતના દાવાનો અમેરિકાનું સમર્થન

## ધક્કા ખાવાનો વારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુકાવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં ત્રણ દિવસથી સર્વર ડાઉન થતા લાઈસન્સ ઈસ્યુ કરવા તેમજ રિન્યુઅલનુ કામ પણ અટવાઈ ગયુ છે. આ ઉપરાંત સર્વર બંધ થવાથી ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ હાલતમાં છે. જેના પરિણામે લાઈસન્સ ઈચ્છુક અરજદારોનો ટેસ્ટ લેવાની પ્રક્રીયા પણ અટવાઈ પડી છે. ત્રણ દિવસથી આ સ્થિતિ હોવા છતા સર્વરની ટેકનિકલ ખામી દુર થઈ શકી નથી. જયારે રોજ બરોજ કામ અર્થે આવતા અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. રાજયની સૌ પ્રથમ હાઈટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામીઓ સર્જાતા વહીવટી કામગીરી ઉપર વિપરિત અસર પડી છે. જયારે પેપરલેસ આર ટી ઓ કચેરીમાં આંગળીના ટેરવે અરજદારોના કામ થવાના બદલે સમય વેડફીને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. થોડા સમય અગાઉ પણ આ જ પ્રકારની ક્ષતિના લીધે કામગીરી અટવાઈ પડી હતી. આર ટી ઓ કચેરીમાં સર્વરની ખામીને કાયમી ધોરણે નિકાલ લાવવા અસરકારક પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેથી ઝડપી અને પેપરલેસ વહીવટનો આમ અરજદારોને લાભ મળે તેવી પણ પ્રબળ લાગણી અને માંગણી વ્યાપી છે.

## નવુ મકાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધરવામાં આવશે. કચેરીના નિર્માણ માટે રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવીન કચેરી બે મજલાની બનશે. જયારે અધતન કચેરીમાં કમ્પાઉન્ડ વોલ સહિત પાર્કીંગ તેમજ લીફટ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જો કે આ કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે ત્રણ મહીનાના અંતે કામગીરી હાથ ધરવામાં આવશે. કલોલમાં હાલ ભાડાના મકાનમાં આ કચેરી કાર્યરત છે. જયારે લાંબા સમયના અંતે કલોલમાં સેલ્સ ટેક્ષ કચેરીને નવુ મકાન મળશે. સેલ્સ ટેક્ષની નવી કચેરીનુ મકાન બાંધવાનુ આયોજન કરાતા સ્થાનિક નાગરિકોને પણ સરળતા ઉપલબ્ધ થશે.

## ગણેશ વિસર્જન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને યોગ નિદર્શન સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા આ ઉજવણીમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.જયારે આજે ગણેશ વિસર્જન અન્વયે સે- ૨૨ રંગમંચ ખાતેથી ગણેશજીની દિવ્ય અને ભવ્ય મુર્તિને વિધિવત જળમાં વિસર્જન કરવા ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સે-૨૨ રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, સી એલ મહેતા, ચેતના બુચ, કલ્પેશ બાલપાંડે, રાકેશ જાની સહીતના આગેવનો સહીત મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો ગણેશ વિસર્જનના કાર્યક્રમમાં જોડાયા હતા. ડી જે ના તાલ સાથે ગણેશજીની મુર્તિ નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. ભાવિકોએ ગણપતિ બાપા મોરીયાના નાદ સાથે ગુલાલની છોળો ઉડાડી આનંદ વ્યકત કર્યો હતો.પુજા વિધિ બાદ શ્રીજીની મુર્તિ ઈન્દિરાબ્રીજ પાસેના નદીના વહેણમાં વિસર્જિત કરી દેવામાં આવી હતી.

## રજૂ કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સમય સુધી રહસ્યમય સંજોગોમાં લાપતા રહ્યા બાદ આજે ફરીવાર જાહેરમાં નજરે પડતાં આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં ધાંગધ્રાથી હાઈવે પાસીંગ ખાતેથી નજરે પડ્યો હતો. પટેલ નેતાઓના કહેવા મુજબ હાર્દિક પટેલે તેમને બપોરે ફોન કર્યો હતો અને કહ્યું હતું કે, હાઈવેથી તેને ઉપાડી લેવામાં આવ્યો છે. હાર્દિકને મળવા માટે કેટલાક પત્રકારો પણ પહોંચી ગયા હતા. કેટલાકે ફોન પર પણ તેનો સંપર્ક કર્યો હતો. અગાઉ ગુજરાતમાં પાટીદાર સમુદાયને અનામત આપવાની માંગણી કરીને આંદોલન ચલાવી રહેલા યુવા નેતા હાર્દિક પટેલની ગેરકાયદેરીતે અટકાયત કરવામાં આવેલી છે તેવા મિત્ર દ્વારા દાવો કરવામાં આવ્યા બાદ અને કોર્ટમાં અપીલ કરાયા બાદ આજે વહેલી પરોઢે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અડધી રાત બાદ ગુજરાત હાઈકોર્ટે સુનાવણી ચલાવ્યા બાદ હાર્દિકને શોધી કાઢીને અહેવાલ રજૂ કરવા ગુજરાત સરકારને સ્પષ્ટ આદેશ કર્યો હતો. અસામાન્ય ઘટનાક્રમના ભાગરૂપે કોર્ટમાં અડધી રાત બાદ સુનાવણી કરવામાં આવી હતી. આ સુનાવણી રાત્રે ૧.૨૦ વાગે કરવામાં આવી હતી અને વહેલી સવાર સુધી સુનાવણી ચાલી હતી.

પોલીસે અગાઉ દાવો કર્યો હતો કે પ્રાથમિક પરવાનગી વગર હાર્દિકે અરવલ્લી જિલ્લામાં જાહેર સભા કરી હતી. સભા બાદ તેની અટકાયત કરવા માટે પોલીસ પહોંચી ત્યારે તે પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયો હતો. જસ્ટીસ એમ.આર. શાહ અને કે.જી. ઠાકરની બનેલી હાઈકોર્ટની ડીવીઝન બેંચ સમક્ષ વહેલી સવારે સુનાવણી કરવામાં આવી હતી. આ સુનાવણી અસામાન્ય સંજોગોમાં અડધી રાત બાદ હાથ ધરાઈ હતી. પાસની અરજી ઉપર રાત્રે બે વાગ્યે જસ્ટીસ એન.આર. શાહના બંગલે આ સુનાવણી શરૂ થઈ હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે કેટલાક આદેશ જારી કર્યા હતા. હાર્દિકના મિત્ર દિનેશ દ્વારા કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી.

દિનેશે કોર્ટમાં અપીલ કરીને દરમિયાનગીરીની માંગ કરી હતી સાથે સાથે હાર્દિકને રજૂ કરવાનો આદેશ જારી કરવા અપીલ કરી હતી. ત્યારબાદ કોર્ટે ગુજરાત સરકાર, પોલીસ મહાનિર્દેશક, રેંજ ઈન્સપેક્ટર જનરલ અને અરવલ્લી જિલ્લા અધિકારીઓને આદેશ કર્યો હતો.

## ટેન્ડર નોટીસ

### ધાનેરા નગરપાલિકા (જી. બનાસકાંઠા)

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાક્ટરોની માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેતી સરકારશ્રીની ગ્રાન્ટમાંથી ૫ કામ માટે જેની અંદાજીત કિંમત રૂ. ૨૧.૫૮ લાખ છે. જે કામે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી સીલબંધ ટેન્ડરો તા. ૧૪/૧૦/૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધી ધાનેરા નગરપાલિકા કચેરીએ મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ તેમજ કામની વધુ વિગતો તા. ૩/૧૦/૨૦૧૫ સુધીમાં ઓફીસ સમય દરમિયાન રજીસ્ટ્રેશનની ખરી નકલ, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટી, તાજુ બેન્ક સોલવંશીના ૧૦% નર્મદા બોન્ડ તથા કરેલ કામોના પ્રમાણપત્રો અને ટેન્ડર ફી સાથે રજૂ કરવાથી આપવામાં આવશે.

ઉપરોક્ત કામોની બાનાની રકમ સીડ્યુલ બેંક તથા રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર.થી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર સાથે બાનાની રકમની એફ.ડી.આર. સામેલ રાખવાની રહેશે. ટેન્ડર ઉપર કવર ઉપર કામનું નામ તથા મોકલનારના નામ સરનામા સાથે ટેન્ડરો કવરમાં મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો શક્ય હશે તો તા. ૧૬/૧૦/૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની રૂબરૂમાં ખોલવામાં આવશે. વધુ યા ઓછા ભાવનું ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા ધાનેરા નગરપાલિકાની રહેશે. વધુ વિગતો ધાનેરા નગરપાલિકાના બાંધકામ શાખાનો સંપર્ક કરી મેળવી શકાશે.

નં.ન.પા.ધા/બાંધકામ/વશી ૨૦૧૫

નગરપાલિકા કચેરી, ધાનેરા, તા. ૨૩/૯/૨૦૧૫

| (મોડસિંહ કે. રાજપુત) | (જગદીશભાઈ પી. ઠક્કર) | (આશાબેન એન. પટેલ) |
|---|---|---|
| I/C ચીફ ઓફીસર | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |

## જાહેર નિવિદા

માહિતી કમિશનરશ્રીની કચેરીના ઉપયોગ સારૂ ગાંધીનગર - અમદાવાદથી પ્રસિદ્ધ થતા વર્તમાનપત્રોમાંથી માગ્યા મુજબ વિવિધ વિષયોને લગતા અખબારી અહેવાલો કટીંગ - પેસ્ટીંગ કરી નિયત સ્થળે પહોંચતા કરવાના કામમાં રસ ધરાવનારાઓ પાસેતી ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ તા. ૨૪/૯/૨૦૧૫થી કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧.૩૦ થી ૧૩.૩૦ દરમિયાન રૂબરૂમાં રૂ. ૫૦૦/- રોકડા ભરીને માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક-૧૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીએ મળશે. ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫/૧૦/૨૦૧૫ સમય ૧૫.૩૦ કલાકનો રહેશે.

માહિતી/૧૫૭૩/૨૦૧૫-૧૬ માહિતી કમિશનર